


ઉજવણીનો ઝળહળાટ - નાતાલ પર્વની પૂર્વ સંધ્યાએ શહેરના ચર્ચ રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા... શહેરમાં ખ્રિસ્તી પરિવારો ઉલ્લાસપૂર્વક નાતાલ પર્વની ઉજવણી કરશે... સવારે ચર્ચમાં પ્રાર્થના કરશે.... અને ભગવાન ઈસુનો સંદેશો ગ્રહણ કરશે...

# આજે મુખ્યમંત્રીના હસ્તે જિલ્લાની ૮ પ્રાથમિક શાળાનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતવિધિ

**રાજ્યમાં શિક્ષણ અને મહિલા બાળ વિકાસ વિભાગના રૂ. ૬૬૬ કરોડના પ્રોજેક્ટ્સનું ઈ-લોકોર્પણ, ઈ-ખાત વિધિ જિલ્લાના ૩ કરોડ ૨૧ લાખનો પ્રોજેક્ટ્સ હાથ ધરાશે**

ગાંધીનગર, તા.૨૪

આજે ગાંધીનગર જિલ્લામાં ૮ પ્રાથમિક શાળાઓનું લોકાર્પણ તથા ૩૭ નવા વર્ગખંડોની ખાતમુહૂર્ત વિધિ આજે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને અન્ય મંત્રીઓની ઉપસ્થિતિમાં કરશે.

જી.એમ.ઈ.આર.એસ. હોલ ખાતે શિક્ષણ વિભાગ તથા મહિલા બાળ વિકાસ વિભાગના પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણના રૂ. ૬૬૬ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાત વિધિ યોજાશે.

વહીવટીય ક્રાંતિની અનુભૂતિ ગ્રામજનોને પણ થશે. જી.એમ.ઈ.આર.એસ. હોલ ખાતે યોજાયેલ આ કાર્યક્રમને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. કાર્યક્રમમાં રાજ્યના વિવિધ સ્થળોએ મંત્રીઓ અને બોર્ડ - નિગમના અધ્યક્ષો આ પ્રસંગે ખાસ હાજરી આપશે અને સર્વાંગી વિકાસના સરકારના સંદેશને પ્રસરાવશે.

જિલ્લામાં જે ૮ પ્રાથમિક શાળાનું લોકાર્પણ થવાનું છે તેમાં ૩ દહેગામ તાલુકાની, ૧ માણસા તાલુકાની-૧ શાળાનો સમાવેશ થાય છે જિલ્લામાં આ પ્રોજેક્ટ્સ પાછળ રૂ. ૩ કરોડ ૨૧ લોખના ખર્ચ થવાના અંદાજો છે. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી રૂપાણી ઉપરાંત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આદિજાતિ વિભાગના મંત્રી ગણપત વસાવા તેમજ રાજ્યમંત્રી વિભાવરીબેન દવે ખાસ ઉપસ્થિત રહેશે.

તાલુકાની તેમજ ૪ કલોલ તાલુકાની શાળાઓનો સમાવેશ થાય છે.

મળતી વિહતો પ્રમાણે ૩૭ જેટલા વર્ગખંડો આ શાળાઓ ધરાવે છે. આ ઉપરાંત નવા ૩૭ વર્ગખંડોની ઈ-ખાતવિધિ જે થવાની છે તેવી પણ ૮ શાખાઓ છે. જેમાં ગાંધીનગર તાલુકાની-૨, કલોલની-૨, માણસાની-૩ અને દહેગામ

## પોલીટેકનીક કોલેજ સે.૨૬ના કેમીકલ એન્જિનિયરીંગ ડિપાર્ટમેન્ટના નવા બિલ્ડીંગનું પણ લોકાર્પણ થશે

ગાંધીનગર, તા. ૨૪

આજે શિક્ષણ અને મહિલા બાળ વિકાસ વિભાગના વિવિધ પ્રોજેક્ટ્સના લોકાર્પણની સાથે સાથે સે.૨૬ સ્થિત સરકારી પોલીટેકનીક કોલેજમાં નવનિર્મિત કેમીકલ એન્જિનિયરીંગ ડિપાર્ટમેન્ટના બિલ્ડીંગનું પણ લોકાર્પણ કરવામાં આવનાર છે. ઈ-લોચિંગ પ્રોજેક્ટ્સ અંતર્ગત સે.૨૬ની પોલીટેકનીક ખાતે સમારોહ પૂર્ણ થયા બાદ તકતી અનાવરણ પણ કરવામાં આવનાર છે. કેમીકલ એન્જિનિયરીંગ ડિપાર્ટમેન્ટના આ નવ નિર્મિત બિલ્ડીંગના ઈ-લોચીંગને લઈ વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક જગતમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# શહેરમાં આકરી ઠંડી યથાવત : પારો ૧૦.૬

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં ઠંડીનો દોર યથાવત રહ્યો છે. લઘુત્તમ તપમાન ૧૦.૬ ડિ.સે. રહેતા વસાહતીઓ રાત્રીના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

ડીસેમ્બર માસના અંતિમ દિવસોમાં ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં આકરી ઠંડી પડી રહી છે. આકરી ઠંડીનો દોર યથાવત રહેતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ચુકયા છે. વહેલી સવારે અને રાત્રે ઘરની બહાર નીકળો તો ઠંડીમાં ઠુંઠવાવવું પડે છે. શિયાળો જામતા વસાહતીઓ આખો દિવસ ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે ચઢે છે. ઠંડીને દૂર ભગાવવા તાપણીનો સહારો લેતા પણ ઘણા વસાહતીઓ જોવા મળે છે. તો કેટલાક રૂમ હિટરનો ઉપયોગ કરી રહ્યા છે. ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન ૧૦.૬ ડિ.સે. પર અટકયું છે. આગામી દિવસોમાં વધુ આકરી ઠંડી પડે તેવી આગાહી વ્યકત કરવામાં આવી છે.

# વાઈબ્રન્ટ સમિટની ઉજવણી માર્ગ નં-૫ સુધી જ સિમિત

**નગરના રોડ નં - ૫ સુધી જ વાઇબ્રન્ટ ફીવરની અસર નગરજનોમાં આક્રોશ : શહેરના માર્ગ નં -૫ થી આગળ સફાઇ અને સુશોભનના નામે મીંડુ : વી આઇ પી ઓની અવરજવર હોય તેવા વિસ્તારમાં જ તામજામ : આમ નાગરિકોની નજર સામે કંગાળ દ્રશ્યો**



ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને દુલ્હનની જેમ શણગારવામાં તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. પરંતુ શહેરમાં વાઈબ્રન્ટ ફીવર માત્ર રોડ નં -૫ સુધી જ પ્રસરેલો છે. રોડ નં -૫ થી આગળ વાઈબ્રન્ટનો રંગ જોવા મળતો નથી. આ વિસ્તારમાં બ્યુટીફિકેશનના નામે મીંડુ છે. વાઈબ્રન્ટ સમિટની ઉજવણીની અસર આ વિસ્તારમાં દેખાતી નથી. તંત્ર દ્વારા પણ મનસ્વી રીતે વી વી આઈ પી મહાનુભાવોને ધ્યાને લઈને જ કામગીરી કરવામાં આવતી હોય તેમ આમ નાગરિકોને લાગણી તેમજ માંગણીને ધ્યાને લેવામાં આવતી નથી.

ગાંધીનગર શહેરમાં વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. આગામી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટમાં દેશ વિદેશના મહાનુભાવો હાજરી આપવાના હોવાથી ગાંધીનગરને દુલ્હનની જેમ શણગારવામાં આવી રહ્યુ છે. નગરના મુખ્ય માર્ગો પર ઠેર ઠેર કલરકામ તેમજ માર્ગ સુધારણા અને બ્યુટીફીકેશન સહીતની કામગીરી હાથ ધરવામાં આવી છે. નગરના મુખ્ય ઘ, ચ , ગ, ખ અને છ માર્ગ સહીતના રસ્તાઓ પર બ્યુટીફીકેશનને લગતી કામગીરી માટે તંત્રએ ટીમ મેદાને ઉતારી છે. હાલ શહેરમાં સફાઈ તેમજ રંગરોગાન , ગ્રીલ તેમજ રોડ ફર્નિચર અને સ્ટ્રીટ લાઈટના

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતના નવા મકાનના બાંધકામ અંગે સર્વે-નકશા-અંદાજો તૈયાર કરવાની કવાયત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવીન બાંધકામને લઈ જમીન માપણી - નકશા અંદાજો તૈયાર કરવાની કામગીરી હાથ પર લેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતનું હાલ મકાન ૩૩ વર્ષ જુનું છે. તેમજ જિલ્લો જ્યારે એક તાલુકાનો બનેલો હતો ત્યારથી આ બિલ્ડીંગ છે. હવે જિલ્લામાં અન્ય ત્રણ તાલુકાઓ ઉમેરાયા છે જેથી જિલ્લા પંચાયતની કામગીરીનું ભાર વધ્યું છે. એટલું જ નહિ અધિકારીઓની સંખ્યા પણ વધવા પામી છે.

જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગ બાંધવા માટે આમતો છેલ્લા એક દસકામાં સમાન્ય સભાએ ત્રણ વખત પ્રસ્તાવો પારિત કરી સરકારને મોકલ્યા છે. પરંતુ કોઈ પ્રતિસાદ સરકાર તરફથી મળ્યો નથી.

એક તબક્કે રાજ્ય વિધાનસભા ગૃહમાં પંચાયત વિભાગની ચર્ચા દરમિયાન પૂર્વ અધ્યક્ષ પ્રો. મંગળદાસ પટેલને તત્કાલિન રાજ્યમંત્રી જયંતિભાઈ કવાડિયાએ ખાત્રી પણ આપી હતી.

આ પછી તંત્રએ સઘન પ્રયાસો કર્યા હતા. તેમાં પણ નવું બિલ્ડીંગ તૈયાર થાય ત્યાં શુધી પંચાયતને કર્મયોગી ભવનમાં જગ્યા આપવા રજૂઆત કરી હતી. આ પછી ઈન્દીરા ગાંધી તાલિમ ભવનમાં જગ્યા ફાળવવાનો પણ વિકલ્પ અપાયો હતો.

જોકે સરકાર દ્વારા કોઈ જ પ્રતિસાદ આપવામાં આવ્યો ન હતો. હવે સર્વે નકશા - અંદાજો સાથેની દરખાસ્ત નવા બજેટમાં સમાવેશ થાય તે માટે મોકલી આપવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આજે માપણી અને સર્વેની કામગીરી મોડી સાંજ સુધી ચાલી હતી અને સંપન્ન પણ થઈ ગઈ છે.

# આવતીકાલે ૧૫૬ જેટલા ઓનલાઈન બિનખેતીના હુકમો એનાયત કરાશે

**યુનિવર્સિટી કન્વેન્સન હોલમાં ગાંધીનગર-અમદાવાદ કલેક્ટર કચેરીનો સંયુક્ત કાર્યક્રમ યોજાશે**

ગાંધીનગર, તા.૨૪

આગામી ૨૬મી ડિસેમ્બરના રોજ જિલ્લામાં મળેલ ઓનલાઈન બિનખેતીની અરજીઓના ૧૫૬ જેટલા હુકમોનું વિતરણ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરાશે.

જિલ્લામાં ૧૬ ઓગસ્ટ-૧૮થી ઓનલાઈન બિનખેતીની મંજૂરી આપવાના કાર્યક્રમનો પહેલા પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલ થયા બાદ ૧લી સપ્ટેમ્બરથી રાજ્યભરમાં તેનો અમલ શરૂ થયો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ઓનલાઈન બિનખેતીની મંજૂરી માંગતી અરજીઓ ૫૨૮ મળી છે. જેમાં ૨૩૪નો નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે ૨૯૪ અરજીઓ વિવિધ તબક્કે હાલ વિચારાધીન છે.

અમદાવાદ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં અમદાવાદ - ગાંધીનગર કલેક્ટરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં રાજ્યમાં નવનિર્મિત મહેસુલ કચેરીઓનું લોકાર્પણ પણ થવાનું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની જે અરજીઓના હુકમોનું વિતરણ થવાનું છે તમાં ૪૨ ઓનલાઈન અરજીઓના હુકમો, ૪૯ હુકમો ઓફલાઈન અરજીના છે. તો ૬૧ જેટલા અરજદારોને જરૂરી વહીવટીય પ્રક્રિયા પૂર્ણ કરવા માટેના પત્રો એનાયત કરવામાં આવશે. જિલ્લા તંત્ર દ્વારા આ અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાજ્ય સરકાર દ્વારા સુશાસન દિવસની ઉજવણી સાથે આખા સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. રાજ્યના શિક્ષણ અને મહિલા બાળ વિકાસ વિબાગના રૂ. ૬૬૬ કરોડના પ્રોજેક્ટ્સનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતવિધિ યોજવાની છે. આ પછી બીજા દિવસે ઓનલાઈન બિનખેતીના હુકમોનું વિતરણ કરાશે.

# શહેરમાં બંધ સ્ટ્રીટ લાઈટોની ફરિયાદો ડામવા સર્વે હાથ ધરાયો

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં વાઈબ્રન્ટને અનુલક્ષીને મુખ્યમાર્ગો પર સ્ટ્રીટલાઈટના થાંભલાઓને કલરકામ કરવામાં આવી રહ્યુ છે. જ્યારે શહેરમાં ગટરલાઈન તેમજ ટ્રાફિક સિગ્નલની કામગીરી દરમિયાન ખોદકામના લીધે સેકટરોમાં સ્ટ્રીટલાઈટો પણ બંધ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેથી આ મામલે તંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો છે.જેના અંતે ફરિયાદેનુ નિવારવાનુ કામ હાથ ધરાશે.

ગાંધીનગરમાં હાલ વાઈબ્રન્ટ સમિટિને અનુલક્ષી સુશોભનનો મુદો મુખ્ય બન્યો છે. ત્યારે તંત્રની નજર વર્ષોથી કટાયેલા કંગાળ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ પર આખરે મંડારાઈ છે. નગરના મુખ્યમાર્ગો પર સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને કલરકામ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં થાંભલાઓને લાગેલો કાટ હજુ યથાવત રહેશે. શહેરના માત્ર ચાર જ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને કલર કરવામાં આવી રહ્યો છે. બીજીતરફ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને કલર કામ થઈ રહ્યુ છે. આ તબક્કે સેકટરોના આંતરિક વિસ્તારમાં ઘણાં ઠેકાણે લાઈટો ડુલ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

**ગટર લાઇન તેમજ ટ્રાફિક સિગ્નલની કામગીરીના લીધે કેબલો કપાતા લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી**

શહેરમાં ગટરલાઈન તેમજ ટ્રાફિક સિગ્નલની કામગીરી દરમિયાન ખોદકામના લીધે કેબલો કપાતા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ બંધ રહેતા હોવાની ફરિયાદો વધી હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. જો કે આ માટે તંત્ર દ્વારા સેકટરોમાં સર્વે હાથ ધરાયો છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના બંધ થાંભલા અંગે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવાની કામગીરીના અંતે ક્ષતિ નિવારી ફરિયાદો નિવારવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# માત્ર શહેરી બસોનુ સંચાલન ગ્રામજનો માટે શિરદર્દ : ગામમાં સલામત સવારીના નામે મીંડુ

**ગાંધીનગર ડેપો કક્ષાએથી જિલ્લાના ગામોમાં બસો દોડાવાનુ આયોજન ન થતા ગ્રામજનો ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરી રહ્યા છે**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા માત્ર શહેરી બસ સેવાનુ જ સંચાલન કરવામાં આવે છે. જેના લીધે જિલ્લાના ગામોમાં બસ સેવા નસીબ થતી નથી. એકજમાનામાં જિલ્લાના ગામોમાં દર અડધા કલાકે બસો દોડતી હતી તેવા ગામોમાં પણ એસ ટી ની સલામત સવારી ડોકિયુ પણ કરતી નથી જેના લીધે ગ્રામજનોએ બસ સેવાના અભાવ વચ્ચે બે કી મી ચાલતા ગામ બહાર આવવુ પડે છે. મોટાભાગના ગ્રામજનો ખાનગી વાહનોની જોખમી મુસાફરી કરવી પડે છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી મુસાફરોને લગતી સુવિધાઓના નામે શુન્યવકાશ સર્જાયો છે. મુસાફરોની સલામતી પણ રામભરોસે છે. જયારે શહેરી બસ સેવા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારની બસોનુ સંચાલન પણ લાંબા સમયના અંતે શરૂ ન થતા પાટનગર હોવાછતા નજીકના ગામોમાં બસ જોવા મળતી નથી. જેના લીધે સ્થાનિક ગ્રામજનોને બસ સેવા મળતી નથી. એકજમાનામાં ગામમાં ૩૦ વખત બસ ડોકિયુ કરતી હોય તેવા ઠેકાણે પણ બસ સુવિધાઓના નામે મીંડુ ચિતરાયેલુ છે. પાટનગર નજીકના ગામો હોવાછતા બસ સુવિધાના મામલે છેવાડાના ગામથી બદતર હાલત છે. ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. બીજીતરફ સલામતી અને મુસાફરોને સુવિધા પુરી પાડવાના મામલે પણ ડેપો દ્વારા હજુ કાંઈ વિશેષ આયોજન થયુ નથી. એસ ટી નિગમ પણ આ મામલે નિરસતા સેવી રહ્યુ છે. ગાંધીનગર એસ ટી ડેપોમાંથી હાલ શહેરી બસ સેવાનુ સંચાલન કરવામાં આવી રહ્યુ છે. પરંતુ માત્ર શહેરી બસ સેવાનુ સંચાલન જ થતુ હોવાથી જિલ્લાના ગામોમાં બસ સુવિધા મળતી નથી. જિલ્લાના ગામોમાં બહારના ડેપોમાંથી અવરજવર કરતી ગણી ગાંઠી બસો જ કયાંક ક્યાંક જોવા મળે છે.જેના લીધે ગ્રામ્ય વિસ્તારમાંથી ગાંધીગર સહીત અપડાઉન કરતા નાગરિકોની દશા બેઠી છે. ગ્રામ્ય વિસ્તારના રહીશોને ખાનગી વાહનોના ભરોસે રહેવુ પડે છે. ઉનાવા ગામમાં પણ એક જમાનામાં રોજ બરોજ ૩૦ વખત એસ ટી બસ આંટા મારતી હતી. જયારે હાલ ગ્રામજનોએ ગામથી ૨ કીમી દુર હાઈવે સુધી લાંબા થવુ પડે છે. આવી જ હાલત મોટાભાગના ગામોની છે. આમ છતા ગાંધીનગર ડેપો કક્ષાએથી ગ્રામ્ય વિસ્તારની બસોનુ સંચાલન કરવામાં વિલંબ કરવામાં આવી રહ્યો છે. આ મામલે ત્વરિત કોઈ વ્યવસ્થા ગોઠવાય અને ગ્રામજનોને સમયસર બસ સેવા ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવા પણ સુર ઉઠવા પામ્યો છે.


## શ્રદ્ધાંજલિ

તૃતિય વાર્ષિક પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

હાર્દિક શ્રદ્ધાંજલિ




મુ. ઈટાદરા
તા. માણસા
જી. ગાંધીનગર

**માતૃશ્રી સ્વ.મોતીબા**
સ્વ. તા. ૨૫/૧૨/૨૦૧૫

મોતીમા એટલે સાચુ મોતી
મોતીમા એટલે મમતાની મૂર્તિ
મોતીમા એટલે પરિશ્રમનો પારસમણિ
મોતીમા એટલે દયાની દેવી
મોતીમા એટલે વાત્સલ્યની વાંસળી
મોતીમા એટલે ત્યાગની તિતિક્ષા
મોતીમા એટલે પ્રેમનું પ્રતિક
મોતીમા એટલે અજોડ જનની

**પિતાશ્રી સ્વ. આત્મારામ બાપા**
સ્વર્ગવાસ વર્ષ - ૧૯૬૨

પાંચ દાયકા વિતવા
છતાં પણ
આજેય આપની
ખોટ સાલે છે

પ્રભુ આપના દિવ્ય આત્માઓને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના....

આપના સ્નેહીજનો

ઈશ્વરભાઈ આત્મારામ પરમાર — જશોદાબેન ઈશ્વરભાઈ પરમાર
નારણભાઈ આત્મારામ પરમાર — ઉષાબેન નારણભાઈ પરમાર
શ્વેતલ ઈશ્વરભાઈ આનંદ — જિજ્ઞા શ્વેતલ આનંદ
ચંદ્રેશ ઈશ્વરભાઈ આનંદ — અનિતા ચંદ્રેશ આનંદ
બ્રિજેશ નારણભાઈ અમીન — જ્યોતિકા બ્રિજેશ અમીન
ગૌરાંગ નારણભાઈ અમીન — અસ્મિતા ગૌરાંગ અમીન
અમૃતભાઈ મૂળજીભાઈ પરમાર — મંજુલાબેન અમૃતભાઈ પરમાર
હિરેન અમૃતભાઈ દિક્ષિત — હિરલ હિરેન દિક્ષિત

● પ્રિન્સ ● કિઆ ● તિશા ● આર્યા ● જૈનમ ● વંદના ● મનિષા ● જિજ્ઞેશ

**સમગ્ર પરમાર પરિવાર**

નિવાસસ્થાન : 'શ્વેત-ચંદ્ર' પ્લોટ નંબર : ૪૬૩/૧, સેક્ટર-૭બી, ગાંધીનગર
ટેલીફોન : ૦૭૯-૨૩૨ ૨૭૨૫૪ ● મો. ૯૯૨૪૬ ૧૮૯૭૪



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com